ॐ

શ્રી પરમકૃપાળુદેવાય નમઃ

નાટક સમયસાર

શિબિર - ૨૦

નિર્જરા દ્વાર (છંદ ૧૨-૩૫)

**Model Answer Paper** **Marks: 50**

Paper તપાસતી વખતે Model Answer Paperમાં આપવામાં આવેલા pointsને વફાદાર રહેવું. જુદાં જુદાં options આપવામાં આવ્યાં છે જેથી તપાસવામાં સરળતા રહે. તેમાંથી કોઈ પણ option લખ્યું હોય, તેનો ભાવ આવી જતો હોય, તો marks આપવા.

**(I) સાચો જવાબ પસંદ કરો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. (c) સાચું

૨. (d) કેટલાં અપમાન પચાવ્યાં છે

૩. (d) શ્રદ્ધા ઉપસ્થિત

૪. (c) વૈશ્ય

૫. (b) અરિહંત

**(II) નીચેનાં દૃષ્ટાંતોના પરમાર્થમાં લીટી કરેલ શબ્દની બદલે યોગ્ય શબ્દો લખો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે ½ mark આપવો.

૧. કસોટી / પ્રતિકૂળતા / આવેશ / ઉત્તેજના

૨. પ્રલોભનમાં / વિષયમાં

૩. કર્મોનું / દોષોનું

૪. ઉપગૂહન

૫. તીવ્ર / પ્રચંડ / ઉગ્ર

૬. સત્સંગ

૭. પોતાપણું

૮. પ્રત્યક્ષ સદ્‌ગુરુનો / પ્રત્યક્ષ જ્ઞાનીનો / પ્રત્યક્ષનો / સદ્‌ગુરુનો

૯. ઉદયથી / કર્મથી

૧૦. વર્તમાન

**(III) થોડાક શબ્દોમાં જવાબ લખો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

૧. કટાક્ષ / દૃષ્ટિમાત્રમાં / આંખના પલકારામાં

૨. ગુણસ્થાનક

3. દ્વંદ્વાતીતમ્ / દ્વંદ્વાતીત

૪. સાઈલન્ટ / ફ્લાઈટ

૫. ત્રિકાળીનો / દ્રવ્યનો / ધ્રુવનો / સ્વભાવનો / સ્વરૂપનો

**(IV) નીચેનું કથન સાચું છે કે ખોટું તે લખો. ખોટું હોય તો તેનું કારણ દર્શાવો.** **Marks: 5**

દરેક સાચા જવાબ માટે 1 mark આપવો.

False લખ્યું હોય પણ કારણ ન લખ્યું હોય અથવા ખોટું કારણ લખ્યું હોય તો 0 mark આપવો. True માટે કારણ અપેક્ષિત નથી.

૧. True.

૨. False. સેવામાં અન્યના ગુણોના અનુમોદક બનવું એ આપણા આત્મા અને અન્યના મન માટે સારું છે. / અન્યના દોષોના આલોચક બનવું એ આપણા આત્મા અને અન્યના મન માટે હાનિકારક છે.

3. False. તેઓ માને છે કે ઇન્દ્રિયમાં સુખ નથી. / તેઓ ભોગકાળે પણ આત્માને સંભારે છે. / તેઓ આત્માનો અનુભવ કરી કર્મની નિર્જરા કરે છે. / તેઓ સહજાત્મસ્વરૂપની ભાવના ભાવે છે. / તેઓ રાગ, દ્વેષ, મોહનો ત્યાગ કરે છે.

૪. False. જો અજ્ઞાન, મિથ્યાત્વ, ઈચ્છાનો ત્યાગ હોય તો તે અપરિગ્રહી છે. / અધ્યાત્મ અપેક્ષાએ સંયોગનો ત્યાગ કરનાર પણ અપરિગ્રહી હોઈ શકે. / અધ્યાત્મ સંયોગ કે તેના ત્યાગ સાથે નહીં, પરંતુ ઈચ્છા સાથે પરિગ્રહ અને અપરિગ્રહને જોડે છે.

૫. True.

**(V) નીચેના છંદોના અર્થમાં ખાલી જગ્યા પૂરો.** **Marks: 6**

દરેક સાચા જવાબ માટે ½ mark આપવો.

૧. (a) કર્મકલંક / કર્મ (b) સાવધાન (c) પૂતળા (d) ચિતરેલા

૨. (a) સ્વપ્ન (b) જાગે (c) જન્મ (d) નિત્ય આત્મા / શુદ્ધ આત્મા / ધ્રુવધામ / ત્રિકાળી / આત્મા

3. (a) મોક્ષ / સિદ્ધ / પરમ (b) ઈચ્છા / આશા / ફળાશા / સુખબુદ્ધિ (c) ભવ (d) ભાર

**(VI) એક વાક્યમાં જવાબ લખો.** **Marks: 8**

૧. બહુ (૫ વાર) - સત્પુરુષ મારા લાગે. - ½ mark
બહુ (૬ વાર) - સત્પુરુષ કહે કે તું મારો છે. - ½ mark

૨. સ્વાભિમાન / શરમ / લાજ વિના સંગ્રામ લડતો નથી. - ½ mark
જ્ઞાન વિના મોક્ષમાર્ગ જાણી શકાતો નથી. - ½ mark

3. કારણ કે તે જ્ઞાન અપૂર્ણ છે. / તે જ્ઞાન કર્મસાપેક્ષ છે. / તે માત્ર પર્યાય છે. / તેઓ ત્રિકાળી જ્ઞાનસ્વરૂપને જ પોતાનું માને છે. - 1 mark

૪. આવી ક્રિયાને દાણા વિનાના ઘાસના પૂળા જેવી નિરર્થક કહી. - ½ mark
તેમના પરિભ્રમણને વંટોળિયામાં અથડાતા પાંદડાની ઉપમા આપી. - ½ mark

૫. જ્ઞાનનો ઉદય એટલે આત્મજ્ઞાન / સમ્યગ્જ્ઞાનનો ઉદય - ½ mark
મિથ્યાત્વની અપેક્ષાએ બુદ્ધિ મેલી થતી નથી. / પર અને પર્યાયમાં એકત્વરૂપે બુદ્ધિ મેલી થતી નથી. - ½ mark

૬. સમ્યગ્જ્ઞાનીના હાલવા-ચાલવાને યોગાસન / યોગ / આસન કહ્યું. - ½ mark
તેમના બોલવાને મૌન / મૌનવ્રત કહ્યું. - ½ mark

૭. ચિંતામણિ રત્ન ચિંતન કરવાથી ફળ આપે, જ્યારે અનુભવ ચિંતનથી પરે છે, તેમાં ચિંતન બંધ થાય ત્યારે ફળ મળે છે. / ચિંતામણિ રત્ન ચિંતન કરવાથી ફળ આપે, જ્યારે આત્માનુભવ તો ચિંતનથી પરે થઈ નિર્વિકલ્પ થયે પ્રાપ્ત થાય છે. - 1 mark

૮. લાડુ એ પ્રભુએ પ્રાપ્ત કરેલ અખંડ સુખનું પ્રતીક છે. / મને અખંડ સુખ પ્રાપ્ત થાઓ એવી પ્રાર્થનાના પ્રતીકરૂપે લાડુ ધરે છે. - 1 mark

**(VII) ટૂંકાંણમાં જવાબ લખો.** **Marks: 6**

૧. ૧) સમુદ્રમાં રત્નાદિ અનંત દ્રવ્યો રહે છે, તેમ જ્ઞાનમાં પણ અનંત દ્રવ્યો પ્રતિબિંબિત થાય છે.
૨) સમુદ્ર રત્નાદિરૂપ થઈ નથી જતો, તેમ જ્ઞાન પણ જ્ઞેયરૂપ થતું નથી.
૩) સમુદ્રમાં જળ નિર્મળ રહે છે, તેમ આત્મામાં જ્ઞાન નિર્મળ રહે છે.
૪) સમુદ્રની જેમ જ્ઞાન પણ પરિપૂર્ણ રહે છે.
૫) સમુદ્રમાં લહેરો ઉત્પન્ન થાય છે, તેમ જ્ઞાનમાં મતિ-શ્રુતાદિ તરંગો હોય છે.
૬) સમુદ્રની જેમ જ્ઞાન પણ મહાન છે.
૭) સમુદ્રની જેમ જ્ઞાન પણ અપાર છે.
૮) સમુદ્રનું જળ નિજાધારે રહે છે, તેમ જ્ઞાન પણ નિજાધાર છે.
૯) સમુદ્ર સ્વરૂપે એક છે, તરંગે અનેક હોય છે. જ્ઞાન પણ જ્ઞાયકસ્વભાવની અપેક્ષાએ એક છે, જ્ઞેયોને જાણવાની અપેક્ષાએ અનેક હોય છે.
આમાંથી એક લખ્યો હોય તો ½ mark, બે લખ્યા હોય તો 1 mark, ત્રણ લખ્યા હોય તો 1 ½ marks અને ચાર લખ્યા હોય તો 2 marks આપવા.

૨. આત્મ-અનુભવરૂપ પદ / આત્મપદ / અનુભવપદને અંગીકાર કરવાની ભલામણ કરી છે. - ½ mark

વિશેષતા - ૧) જન્મ-મરણનો ભય દૂર કરે છે. / સંસારના ભયને હરનાર છે. / જે પ્રાપ્ત થતાં પરિભ્રમણ તૂટે છે.
૨) ઉપમારહિત છે. / તેને કોઈ ઉપમા આપી શકાય નહીં.
૩) જેનું ગ્રહણ કરવાથી બીજાં બધાં પદ વિપત્તિરૂપ ભાસવા લાગે છે. / જેને એક વાર અનુભવ્યા પછી ઈન્દ્ર, ધરણેન્દ્ર , નરેન્દ્ર આદિ સર્વ પદ આપત્તિરૂપ, દુઃખરૂપ લાગે છે.
આમાંથી એક કે બે લખી હોય તો ½ mark અને ત્રણે લખી હોય તો 1 mark આપવો.

'અંગીકાર કરો'નો વિશેષાર્થ છે - દૃષ્ટિ ત્રિકાળી પર કરો / સ્વભાવનો લક્ષ કરો / સ્વરૂપાનુસંધાન કરો. - ½ mark

3. સામાન્ય વિચાર - આત્મા સિવાય સર્વ ચેતન-અચેતન પદાર્થનો ત્યાગ. / જેટલી પરવસ્તુ છે તે બધી ત્યાગવા યોગ્ય છે. - ½ mark

વિશેષ વિચાર - મિથ્યાત્વ, અવ્રત, કષાય, કુકથા, પ્રમાદ, અભક્ષ્ય, અન્યાય આદિનો ત્યાગ. / પરિગ્રહનો અનેક પ્રકારે ત્યાગ કરવો. / તે વસ્તુ જાતજાતની છે તેનો જુદો જુદો વિચાર કરીને તેને ત્યાગવાનો ભાવ કરવો. - ½ mark

સંસારમાં સામાન્યપણે પરવસ્તુનો ત્યાગ થાય છે. / બાહ્ય પરિગ્રહનો ત્યાગ થાય છે. - ½ mark

અજ્ઞાન / મિથ્યાત્વ / પરમાં સુખબુદ્ધિ / પરમાં ઇષ્ટ-અનિષ્ટભાવ / પરમાં લાભ-હાનિનો ભાવ / મમત્વભાવનો / અંતરંગ પરિગ્રહનો ત્યાગ નથી થતો. - ½ mark

**(VIII) મીમાંસા**

**૧. જીવની શયન અને જાગૃત અવસ્થા** **Marks: 5**

૧. (a) મહેલ = કાયા / શરીર (b) પલંગ = કર્મ (c) પથારી = મોહમાયા / માયા (d) ચાદર = કલ્પના (e) વાયુ = મોહ
(f) આંખ બંધ થવી = વિવેકનો અભાવ (g) ઘોરવાનો અવાજ = જોરદાર કર્મોદય / સંકલ્પ-વિકલ્પ (h) સ્વપ્ન = વિષયસુખ માટે ભટકવું
આમાંથી એક, બે કે ત્રણ સાચા હોય તો ½ mark, ચાર કે પાંચ સાચા હોય તો 1 mark, છ કે સાત સાચા હોય તો 1 ½ mark અને બધા સાચા હોય તો 2 marks આપવા.

૨. તેનાં શરીર, ઇન્દ્રિય, મન સક્રિય છે એ અપેક્ષાએ જાગૃત કહેવાય છે. - ½ mark
આત્મભાન નથી, આત્માની બેહોશી હોવાથી સૂતો છે. - ½ mark

૩. જાગૃત થતાં શું બંધ થઈ જાય છે - ૧) સ્વપ્ન / વિષયસુખમાં ભટકવું - ½ mark
૨) ઘોરવાનું / કર્મોદયમાં એકત્વ / સંકલ્પ-વિકલ્પ - ½ mark
બાકીની વસ્તુ ઉપસ્થિત હોવા છતાં જ્ઞાની પોતાને તેનાથી ભિન્ન માને છે / પોતાથી ન્યારી માને છે / તેને 'હું' માનતા નથી. - ½ mark

૪. પત્રાંક ૭૭૯ - ½ mark

**૨. જ્ઞાની નિષ્પરિગ્રહી છે** **Marks: 5**

૧. મિથ્યાત્વ એટલે પરમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ - ½ mark
પરિગ્રહ એટલે તેને પ્રાપ્ત કરવાનો ભાવ - ½ mark

૨. બંને નાશ પામવાવાળા / અસ્થિર / અનિત્ય / અસાર છે. - ½ mark
જ્ઞાની કર્મના ઉદયને કારણે પરિગ્રહ વચ્ચે દેખાય છે. - ½ mark

૩. અજ્ઞાન ગયું છતાં શા માટે સાવધાન રહે છે - પૂર્વસંસ્કાર જાગૃત ન થાય તે માટે / કારણ કે હજી પૂર્વસંસ્કાર છે. - 1 mark

૪. સમ્યગ્દૃષ્ટિ જીવ રાગ-દ્વેષ-મોહના પુટ વિના રાત-દિવસ પરિગ્રહના ઢગલામાં રહે છતાં આસક્ત થતા નથી, તેઓ નવીન કર્મ બાંધતા નથી અને તેઓ પૂર્વકર્મની નિર્જરા કરે છે. - 1 mark

૫. સમ્યગ્દૃષ્ટિ જીવને ઉદયની ઉપાધિ હોવા છતાં તેઓએ જ્ઞાનરૂપી કામળી કે બખ્તર સહજભાવે ધારણ કરેલું હોવાથી તેઓ આનંદમાં જ રહે છે / વ્યાકુળ થતા નથી / ભય કે સ્પૃહા વિના કર્મની નિર્જરા કરે છે / મોક્ષમાર્ગની સાધના કરે છે / સ્વરૂપસમાધિમાં જ રહે છે. - 1 mark

* * *